સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

રંગીન ફૂલોના રસ્તાનું થઇ જાય છે નગર!
- તો ક્યારેક ડસ્ટ-ફ્રી જાહેર થઇ જાય છે નગર
નગરજનોને રોજ પીરસાય છે અવનવા લાડુ -
ક્યારેક ગરમ પાણીએ નવડાવી જાય છે નગર..
(હવે સૌર ઉર્જા-કાર્બન તટસ્થ નગર??)

હાઈકુ

એમ કરીને
ન્યાયાધીશો પર એ
પાડે પ્રભાવ..
(જજો પાસે ભાવગત્)

શોધે દિવસો,
ઉજવણી માટેના-
ઉત્સવ પ્રિય
(હવે સ્થાપના દિવસ!)

ચિંતન

અંગં ગલિતં પલિતં મુંડં દશનવિહીનં જાતં તુંડમ્ ।
વૃદ્ધો યાતિ ગૃહીત્વા દંડં તદપિ ન મુંચત્યા શાપિંડમ્ ॥

'અંગો તદ્દન ગળી ગયાં છે સૂકાઇને હાડપિંજર જેવાં નબળાં થઇ ગયાં છે માથું પળિયામાંથી ભરેલું તદ્દન સફેદ થઇ ગયું છે, મુખ દાંત વિનાનું ખોખલું બોખલું થઇ ગયું છે, હાથમાં લાકડી આવી છે કોઇના ટેકા વિના ચાલી શકાતું નથી તો પણ તૃષ્ણાપિડિત માનવી આશાપિંડને છોડતો નથી.'

ઇચ્છા-આશા-તૃષ્ણા-માયા એ સંસારી માણસને જાળ ફસાવવા આકર્ષણ છે અને એમાં ફસાયેલો માણસ એ ચકરાવામાંથી કદી પણ બહાર નીકળી નથી શકતો.

મન, વાસના કે વ્યસનોમાં પરોવાયેલું હોય પછી એમાંથી ભાગ્યે જ મુક્ત થઇ શકે છે.

સંસ્કાર અને સત્સંગ અને સદ્વાચન એવા ઉપાય છે જે માનવીને સંયમ કેળવવા કે સાચી સમજ આપવા સમર્થ છે.

બાકી તો, શરીર સંપૂર્ણ અશક્ત થઇ જાય ઊભા રહેવા - ચાલવા કે બોલવા પણ સમર્થ ન હોય છતાં મન ફૂદકા મારતાં થાકતું નથી; અને માનવી તૃષ્ણાઓથી પિડાય છે ને આશાપિંડ છોડતો નથી.

સુવિચાર

- હું મારા મિત્ર માટે સૌથી વિશેષ કંઇ પણ કરી શકું તો તે એટલું જ કે હું આજીવન એનો સાચો મિત્ર રહી શકું - બર્નાડ શો
- વિસ્મય સમજણનું પ્રારંભબિંદુ છે - કૃષ્ણમૂર્તિ
- માણસને સંગાથ જોઇએ... પછી ભલેને એ સંગાથ એક સળગતી મીણબત્તીનો હોય - ઝેન કથન
- આપણે હંમેશા એવી કાળજી રાખવી જોઇએ કે બુદ્ધિ આપણો પરમેશ્વર ન બને.. અલબત્ત એની પાસે શક્તિશાળી સ્નાયુઓ છે, પણ વ્યક્તિત્વ નથી - આલ્બર્ટ આઇન્સ્ટાઇન
- કામ એ કદી શાપ નથી જ.. પણ વેઠ શાપ છે - જનકલ્યાણ
- આકાશનું સૌંદર્ય જેને ઢરખ ન પમાડે તેને કંઇ નથી ગમવાનું એમ કહી શકાય - ગાંધીજી
- તમે સુખમાં માનો નહીં તો સુખ કદી આવે જ નહીં - ઇટાલીયન કહેવત

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

હમણાં જજોનું સંમેલન હતું. એથી એક વાત યાદ આવી : મારા પર બાવીસ વર્ષથી એક કેસ ચાલે છે વીસ ન્યાયાધીશ - કોર્ટરુમ બદલી ગયા. કોઇ જજે કેસ શેનો છે અને ક્યા સ્ટેજ પર છે એ વાંચ્યુ નથી દર મહિને તારીખ પડે હું હાજર થવા જાઉં છું. છેલ્લે છેલ્લે તો ન્યાયાધીશ અને ક્લાર્ક બંને બદલાયા. ક્લાર્કે મને પૂછ્યું તમારા પર શેનો કેસ છે. એની શું વિગત છે? આ છે આપણા કાયદા અને ન્યાય-કોર્ટની કરુણતા!! આવા જડ નીતિ-નિયમોમાં જડકાયું છે આપણું તંત્ર..

કેપ્ટન લશ્કરમાં નવા જ જોડાયા હતા. બંદૂકધારી ટ્રૂપમાં તેમની મૂલાકાત હતી. સૈનિકોને શું પૂછવું એ નવા કેપ્ટનને મૂંઝવણ હતી. તેથી ગમે તેવો પ્રશ્ન પૂછ્યો. આ બંદૂકનો હાથો ક્યા લાકડામાંથી બનેલો છે?

એક જૂના અનુભવી સૈનિકે કહ્યું, સાહેબ, લશ્કરમાં બનતી બંદૂકોમાં હંમેશા 'અખરોટ'નું જ લાકડું વપરાય છે!

કેપ્ટન મૂંઝાયો પણ આગળ પ્રશ્ન પૂછ્યો. માત્ર અખરોટનું જ લાકડું શા માટે વપરાય છે? કોઇને ખબર છે?

એક સૈનિક કહે - એના પર ઋતુઓની અસર નહી થતી હોય.

બીજો કહે - તેના પર પોલિસ સારી થાય છે.

ત્રીજો કહે - એની પકડ સારી રહે છે.

કેપ્ટન સ્મિત સાથે ત્યાંથી સરકી જવાના પ્રયત્નમાં હતા. ત્યાં એક યુવાને સામો પ્રશ્ન પૂછ્યો. તો સાહેબ તમે જ સાચું કારણ કહેતા જાવ ને!

કેપ્ટન કહે - મને ખબર નથી.

કાયદા-કોર્ટ-ન્યાયની નાવ ક્યાં જાય છે કોઇને ખબર નથી.

Email - sureshchandrabhatt18@gmail.com

અનામી સાથી...!! હુઇ આંખ નમ ઔર યે દિલ મુસ્કુરાયા..!!

મિલનનો એવો યોગ ક્યારેક તો હશે, અમારોય કાં'ક જોગ ક્યારેક તો હશે સવારથી બધાંને મથ્યાં કરું છું કેમ? એના ય જેવું કો'ક ક્યારેક તો હશે!

કવિતાને આજે રહી રહીને એની યાદ આવતી હતી. યાદ તો આવતી જ હતી. અને એનો ધૂંધળો ચહેરો પણ દેખાતો હતો. એનું સ્મિત અને આંખમાં ચમકતી વિજળીના ઝબકારાં... કડકડાટ વાદળાંના અવાજો વચ્ચે ધોધમાર વરસતો વરસાદ અને ડેડિયાપાળા જંગલના ટ્રાફિકમાં ફસાયેલી બસ અને નોનસ્ટોપ વાતો કરનારો એ...

એને શું કહીને બોલાવવો? મિત્ર? પણ એનું તો નામ પણ ખબર નથી, એને મિત્ર કેવી રીતે કહેવાય? તો પછી સહપ્રવાસી? યસ, આ બરાબર છે. એ ત્રણ કલાકનો પ્રવાસ અને એ ક્ષણો, વાતો આજે બે સિઝન પલટાયાં પછી પણ મનમાં ઘર કરીને બેસી ગઇ છે, તો પછી એ માત્ર સહપ્રવાસી શેનો?

ક્યાંથી શરુ થઇ હતી અમારી એ વાતો? હં... કવિતાના મોબાઇલમાં વાગેલી રિંગટોન... રાજકપૂરનું સદાબહાર ગીત... 'કિસી કી મુસ્કુરાહટો પે હો નિસાર, કિસી કા દર્દ મિલ સકે તો લે ઉઠા' ... આ ગીત વાગ્યું અને પેલાએ પહેલી જ વાર એની સામે સ્મિત કરીને કહ્યું, 'જો તારા મોબાઇલમાં આ ગીત હોય તો પ્લીઝ આખું વગાડ ને? મારું આ મનગમતું ગીત છે...' કવિતાને એના આ દોઢડહાપણની બહુ નવાઇ લાગેલી. કોઇ ઓળખાણ નહીં, કાંઇ નહીં અને ડાયરેક્ટ તૂંકારાથી વાત? અને ડાયરેક્ટ ગીત વગાડવાની ડિમાન્ટ?

પણ... કોણ જાણએ કેમ કવિતાએ પણ અજાણતાં જ એ ગીત એના પ્લે લિસ્ટમાંથી શોધીને ફૂલ વોલ્યુમમાં વગાડ્યું હતું... કારણ એ ગીત એટલે એના જીવન જીવવાની જડીબુટ્ટી હતી. હિન્દી ગીતોનાં શબ્દો અને એના અર્થ સમજણમાં આવ્યા ત્યારથી કવિતાને આ ગીત પસંદ હતું... જેમ જેમ ઉંમર વધતી ગઇ એમ જ એ ગીત વધું ગમતું ગયું. કોઇના માટે, કશાક માટે, બધું અર્પી દેવા માટેનું બિલકુલ હૃદયસ્પર્શી ગીત... જીવન જીવવાનો અર્થ શિખવતું ગીત...

ગીત ક્યારે પતી ગયું અને વાતો ક્યારે શરૂ થઇ બંનેને ખબર જ ન પડી. અચાનક વરસનારાં વરસાદથી લઇ ગુલમહોરના ફૂલની શોભા સુધી અને આમ આદમી પાર્ટીના બખેડાથી લઇ રમેશ પારેખની કવિતા સુધી, બધુ જ એ વાતોમાં સામેલ હતું... અને એ વાતોય કેવી હતી જાણે એકના મનની વાત બીજો પુરી કરતો હોય!

વાતવાતમાં એટલી ખબર પડી કે પેલો કવિ હતો અને કવિતા પત્રકાર. એ શબ્દો, લાગણી, ભાવના અને રચનાના રાજ્યમાં વસવાટ કરનારો... અને કવિતા ખબરને પોતાની પેનથી સત્ય-જૂઠને અલગ તારવીને લોકો સમક્ષ મુકવાની માહિર... કવિતાને એનું સ્વપ્નમાં રાચતું અને સુંદર રચનાઓ કરતું વિશ્વ જાદુઇ લાગવા લાગ્યું તો પેલાને એનું વાસ્તવિક જીવન અને એની પાછળ બનતી ઘટનાઓના પ્રવાહનો પવન અડવા લાગ્યો...

ધીમે ધીમે વરસાદ એનું કામ પતાવી વિદાય લઇ રહ્યો હતો અને ટ્રાફિકમાં ભરાઇ પડેલી બસ હવે એનો રસ્તો કાપવા લાગી હતી. પણ આ બંનેની વાતોનો અંત નહોતો...

હસતો જોવાં ચહેરો આયનાઓ બદલતો રહ્યો
હસવાનું હોય દિલથી વાત એ વિસરતો રહ્યો!!

એણે હવે એના થેલામાં રહેલી પીળાં પાના પડેલી ડાયરીમાંથી એનો જાદુઇ ખજાનો બહાર કાઢ્યો હતો. એ એક બાદ એક એની કવિતાને - ગઝલ સંભળાવતો હતો. ખીચોખીચ ભરેલી સરકારી બસમાં પણ આ બંનેની વાતોમાં કોઇ પ્રકારનો વિક્ષેપ નહોતો. સમાચારની સનસનીમાં સતત અટવાયેલી રહેતી કવિતાને આજે સાચ્ચે જ એના નામનો અર્થ સમજાઇ રહ્યો હતો. એના મનમાં ઊઠતાં શબ્દો એણે કેટલાં સરસ કવિતામાં ઝિલ્યાં હતા, અને એ સુંદર રચનાઓનાં સુંદર ભાવાર્થ સામે માંડેલી વાતોનું કવિતાને આશ્ચર્ય લાગતું હતું...

એક સુંદર છોકરી હોવા છતાં, ઓફિસની કોમ્પ્યુટરની શાંતિની નોકરીની જગ્યાએ પત્રકાર બની સમાજમાં ફરતી અને સત્ય શોધી કાઢતી કવિતાને જોઇ પેલાંને પણ નવાઇ લાગતી હતી. આટલી નાની ઉંમરમાં કેટલી દુનિયા જોઇ નાંખી છે આ છોકરીએ, અને આજે પણ આ જંગલ વિસ્તારમાં થતી કાલડાની તસ્કરીની ખબર મેળવવા એકલી નીકળી પડી છે, પેલો એના વિચારમાં ખોવાયેલો હતો!

કવિતાની નજર બારીની બહાર હતી. સતત સનસનીખેજ ખબર, ચોરી-ચપાટી, આત્મહત્યા, મર્ડર, સ્કેન્ડલ્સ જેવાં વિષયોમાં અને વિચારોમાં ખોવાયેલી રહેતી હતી. આજે પહેલીવાર કેટલાંય દિવસો બાદ એ ખૂલ્લાં મને બોલી હતી. જૂનું કંઇક અચાનક મળી ગયાં જેવો આનંદ એને મળ્યો હતો. પત્રકાર અને કવિ-સર્જક વચ્ચેનો ભેદ એને દેખાતો હતો.

દિલની વાતો જે બધી સલામત છે દિલ મહીં,
ચઢી જાય જો કલમે નાહક નજરાશે જગ મહીં!

આજે આ કવિનો અંતર આત્મા જાગૃત થયો હતો. દેવદાસને જેમ એની પારો જોતા કવિતા આપોઆપ સર્જાતી એમ જ આને જે કવિતાની એ આતૂરતાથી રાહ જોતો હતો એ કવિતા આજે પ્રત્યક્ષ સર્જન પામી હોય એવો એને આનંદ હતો!

'હવે પાંચ જ મિનિટમાં મારું સ્ટેન્ડ આવશે' એની વાતથી કવિતા ભાનમાં આવી...

એટલે? એની સાથેના પ્રવાસનો હવે અંત આવશે? અને આપણી અધુરી રહેલી વાતો? અને તને હમણાં પેલી યાદ નહોતી આવતી એ 'મરીઝ'ની ગઝલ...? અરે, તને એ ગઝલ યાદ આવી કે નહીં?

કવિતાને હજુ ઘણું બોલવું હતું, પૂછવું હતું... પણ...

એ બોલ્યો, 'ચલ, જતાં જતાં 'મરીઝ' નો એક શેર યાદ આવી જગયો એ સંભળાવી દઉં...

'થોડાક અધૂરાં રહી છૂટા જો પડી શકીએ,
તો પાછું મિલન થાતાં થોડીક મજા મળશે.'

વાહ.. વાહ.. અરે પણ મેં હજી એનું નામ પણ ક્યાં પુછ્યું છે? અને ફોન નંબર...? હજી તો ઘણી વાતો કરવી છે, એની રચનાઓ માણવી છે...

'અરે... અરે... સાંભળતો ખરો..' કવિતા બરાડી ઊઠી.

સરકારી બસની ખોખરી ટોકરી વાગતાં જ, ઓઇલ વગરની કર્કશ બ્રેક વાગી અને એણે પોતાના ખબે એની બેગ લટકાવી એ ઉતરી પણ ગયો.... જોત જોતામાં તો એ શહેરની ભીડમાં ખોવાઇ ગયો...

ખુબ મજાની, આનંદની ક્ષણો વિતતી હતી, બધું ફૂલ ગુલાબી હતું, પરોઢનું એક આનંદદાયક સ્વપ્ન આંખ ખૂલતાં આલોપ થાય એમ આ આ ગાયબ થઇ ગયો... જરા ઉદાસ જ થઇ હતી કવિતા અને જોયું તો એની બાજુની સીટ પર ચિઠ્ઠી પડી હતી, એ ખુશીથી ઉછળી ઉઠી... જલ્દી જલ્દીમાં ચિઠ્ઠી ઉપાડી એ વાંચવા ગઇ, એટલામાં એના મોબાઇલની રિંગ વાગી અને મોબાઇલ સાચવવાં જતાં આગળના પ્રવાસીએ બારી ખોલી એનાં પવનના સપાટાએ ચિઠ્ઠી ઉડાડી દીધી અને એ બારી બહાર ચાલી ગઇ...!!

આજે આકાશવાણી પર એ જ મનગમતું ગીત વાગ્યું, 'કિસી કો હો ન હો હમેં તો એતબાર, જીના ઇસીકા નામ હૈ...' વાદળા સામે જોતાં કવિતા મનમાં જ બોલી ઊઠી, 'અનામ સાથી, આ ગીત અને એ ક્ષણો આપણા બંનેના નામે યાદગાર...'

ચૂંટલો :

ઓળખાણ વગરના અમૂક પ્રવાસી પાત્રો સાથે વિતાવેલી એ ક્ષણ ઘટના એવી તો યાદગાર બની જાય છે કે નામ - ચહેરો ભૂંસાય જાય પણ એ ક્ષણ અને રોમાંચ જયારે યાદ આવે ત્યારે કુદરતને સલામ કરવાનું મન થાય.

(શિર્ષક પંક્તિ : ડૉ. મુકેશ જોષી)

ગામમાં પહોંચતા પટલાણી ઘરના કામમાં લાગી ગઇ, કામ પતાવી નવરી પડતાં થાક ખાવા બેઠી ત્યારે તેને પાલવની ગાંઠ યાદ આવી

બપોર માથે આવેલો સૂરજ ઢળવા લાગ્યો હતો. લીમડા અને નીલગીરીના પડછાયા ધરતી પર લાંબા થવા લાગ્યા હતા. સાંજ થતાં આકરો તડકો હવે ઓછો થયો હતો. સાંજ થતાં આકરો તડકો હવે ઓછો થયો હતો. પટલાણી જેમાં રોટલા, શાક ને છાસનું બોઘરણું લુગડામાં વીટીને લાવી હતી તે અત્યારે પાછા વળતાં હલકું ફૂલકું માથે લઇને ગામ તરફ પાછી વળી હતી. પટલાણી પોતે પણ પટેલની સાથે જ ખેતરમાં રોટલા ખાઇ લેતી. ખેતરમાં પટેલની સાથે બેસીને ખાવાથી રોટલાનો સ્વાદ બમણો થઇ જતો. ખાતાં ખાતાં પટેલ એક કોળીયો પટલાણીના મોંમા આપ્યો હોય. કયારેક કયારેક પટલાણીના મોંમાં આપતો ત્યારે એ ધન્ય થઇ જતી. એમ લાગતું જાણે કોઇએ ચાસળીમાં બોળીને કોળીયો મોંમાં આપ્યો હોય. કયારેય કયારેય પટેલ કોઇ મશ્કરીની વાત પણ કરતો, ત્યારે પટલાણી શેરને માથે સવાશેર જેવો જવાબ દેતી. રોટલા કયારે ખવાઇ જતા તેની ખબર જ ન પડતી. જાણે કે પેટમાં ગયા પહેલાં જ પચી ગયા ન હોય, ખેતરથી ગામ તરફ જવાનો રસ્તો ઉબડખાબડ વળી રેતીમાં પગ ખુંપી જાય એવો અને કાંકરા પણ ઘણા તેથી પટલાણી ધીમે ધીમે જતી હતી. ત્યાં પટલાણીની નજર કાંકરા અને પથરાની વચ્ચે પડેલ એક ચળકતાં સોનાની ઝુમ્મરવાળી કાનની બૂટ્ટી પર પડી. તે અટલી, આમ તેમ જોયું, કોઇની બૂટ્ટી હોય તો પાછી આપી દઉં, બે ત્રણ વાર બૂમ પણ પાડી, થોડીવાર ઊભા રહીને રાહ પણ જોઇ, કોઇની હોય અને શોધતું શોધતું આવી જાય. પણ કોઇ આવ્યું નહીં એટલે એ વિચારવા લાગી. ગામથી ખેતરમાં આ સૂમસામ રસ્તે કોણ આવે કે જેની આ બુટ્ટી પડી હોય. સોનાના ઝુમ્મર પહેરવવાળી કોઇ નખરાખી નાર આવા ખાડા ટેકરાવાળા ઉબડખાબડ રસ્તે આવે શું કામ? કોઇ વાણીયા-વેપારી પણ અહીંથી અવરજવર કરતા નથી. કે જેની પાસેથી કોઇ બિચારા એ ગીરવે મુકેલ આ ઝુમ્મર પડી ગયું હોય. તેને વિચાર આવ્યો. જરુર ભગવાને તેની ઇચ્છા જાણીને ઉપરથી આ ઝુમ્મર ફેંક્યુ લાગે છે. તેથી જ રસ્તા વચ્ચે બરાબર તેની સામે જ આવીને પડ્યું છે. પટલાણીએ ખાત્રી કરવા ફરી એકવાર ચારેબાજુ જોઇ લીધું. પછી નમીને ધીરેથી ઝુમ્મરને ઉપાડી લીધું. અને પોતાની ઓઢણીના પાલવમાં બાંધી દીધું. કોઇ બીજાની ચીજ ઉપાડતાં કે લેતાં માણસનું મન થોડું ખચકાય છે.

ગામમાં પહોંચતા પટલાણી ઘરના કામમાં લાગી ગઇ. કામ પતાવી નવરી પડતાં થાક ખાવા બેઠી ત્યારે તેને પાલવની ગાંઠ યાદ આવી. ખોલીને જોયું. ઝુમ્મરવાળી બુટ્ટી ખુબ સુંદર હતી. ઘાટ પણ એકદમ નવો, તાજો, નાની નાની ઘુઘરીઓ લટકતી હતી. તેને જોઇને પટલાણી મોહી પડી. ઘરમાં અરિસો હોત તો ઝુમ્મરવાળાએ બુટ્ટીને કાને લગાડીને જોત, કેવી સુંદર લાગી. હવે તેને વિચાર આવ્યો કે બંને કાનમાં હોય તો જ ઝુમ્મર સારા લાગે. બીજી પણ આવી જ ઝુમ્મરવાળી બુટ્ટી મળી જાય તો કેવું સારું.

માણસના મનની વાત ને કોઇ માણસ જ જાણી શકે અથવા તો પછી વિધાતા. પણ પટલાણીની વાત ને એક ત્રીજી વ્યક્તિ જાણતી હતી. જેણે તેની સામે આ ઝુમ્મરવાળી બૂટ્ટી ફેંકી હતી. તે એક ભૂત હતો. તે પટલાણીના ખેતરના રસ્તે આવતા ખંડેર પાસેના પીપળા પર રહેતો હતો. આગળ-પાછળનો બધો વિચાર કર્યા પછી તેણે આ કર્યું હતું. તેને ખબર હતી કે પટલાણી ઝુમ્મરને ઉપાડી લેશે. ઘેર ગયા પછી બીજા ઝુમ્મર માટે તેનું મન લલચાશે. માનવ મન નવ્વાણું ટકા મળ્યા પછી સો ટકા મેળવવા ઉત્સુક બને છે. એમ આ સ્ત્રી હું મન એક ઝુમ્મર મળતાં બીજું મેળવવા તત્પર બનશે. પટલાણીએ ઝુમ્મર ઉપાડીને પોતાના પાલવનાં છેડે બાંધ્યું ત્યારે જ ભૂતને ખાત્રી થઇ ગઇ કે હવે એ તેનાં સકંજામાં આવી જશે.

સ્ત્રીના મનમાં લાલચ થાય ત્યારે એ છુપાવવા લાગે છે. કોઇને કંઇ કહેતી નથી. પોતાના પતિને પણ નહીં. પટેલ ઘેર આવ્યો ત્યારે પટલાણીએ પણ તેને ઝુમ્મર બાબતે કંઇ કહ્યું નહીં. તેણે વિચાર્યું કે કહીને શું કરવાનું પટેલ કંઇ બીજું ઝુમ્મર લાવી દે એમ તો છે નહીં. અને આ જે એક ઝુમ્મર છે તે પળ હોય કે ન હોય એ બધું સરખું જ છે. તેને કાનમાં લટકાવીને કોઇને બતાવી શકાય એમ નથી. ચોરીછૂપીથી કરેલ કોઇ કામ અને મનથી થયેલ કોઇ પાપનો આનંદ કંઇક ઓર જ હોય છે. બીજે દિવસે સવારે પટેલ ખેતર ગયો ત્યારે પટલાણીએ ઝુમ્મર કાઢી કાનમાં લટકાવી દીધું. અને પછી ઘરનાં કામ કરવા લાગી. ખેતરે જતી વખતે ઝુમ્મરને કાઢીને કપડામાં વીંટાળી મુકી દીધું.

તે દિવસે પટલાણી રોજની જેમ ધીરજથી શાંતિપૂર્વક રોટલો ખાઇ ન શકી. તેને જલ્દી જલ્દી મોટા કોળિયા લેતાં જોઇ પટેલે કહ્યું. 'ગાંડી, ધીમે ધીમે ખા ઓંતરાઇ જઇશ.' પહેલાં જેવું હોત તો પટલાણી ફટાક દઇને જવાબ દઇ દેત. પણ આજે એ કંઇ બોલી નહીં. ઝુમ્મર જાણે તેના ગળામાં અટકી ગયું હતું. પાછા ફરતી વખતે પટલાણીની નજર આખા રસ્તે ચારેબાજુ ફરતી રહી. બીજે ક્યાંક તેને આંખ ઉપાડી જોયું પણ નહીં. ક્યાંક બીજું ઝુમ્મર પણ રસ્તામાં પડેલ દેખાઇ જાય. આવતી વખતે પણ એ આખે રસ્તે નજર ફેરવતી આવી હતી. અત્યારે પટલાણીને ઝુમ્મર સિવાય કંઇ સૂઝતું ન હતું. એ પણ નહોતું સૂઝતું કે તેના માથાથી ઉપર પીપળાની ઊંચી ડાળ પર લટકેલ ભૂત તેની દરેક હરકતને ધ્યાનથી જોતો હતો અને મનોમન ખુશ થતો હતો.

નવાં કલેવર
- નટવર હેડાઉ

ઘરે આવીને પટલાણીનું મન રોજની જેમ કામમાં લાગી ગયું. ઝુમ્મરને કાઢીને તેણે પોતાના બીજા કાનમાં પહેરી લીધું. અને ખાટલા પર સુતી. નીંદર વગર એ સપનાં જોવા લાગી. ઘરનું બારણું પણ તેણે બંધ કર્યુ ન હતું. તેથી ઘરની બરાબર સામે લીમડાના ઝાડ પર બેઠેલ ભૂત તેને જોતો હતો. એ કંઇ પહેલીવાર આવું કરતો નહોતો. ઘણા દિવસથી તેની નજર પટલાણીના ઘર, રહેણીકરણી અને આવનજાવન પર લાગેલી હતી. પટલાણીનું એક એક કામ એ ધ્યાનથી જોતો હતો. અને દરેક વાત કાન માંડી સાંભળતો હતો. અમુક વાતો જે બધાં જોઇ શકતાં ન હોય એવી પટલાણીની આદતો, તેના મન અને સ્વભાવ વિષે એ એટલું બધું જાણવા લાગ્યો હતો કે જેટલું કદાચ પટલાણી પોતે પણ નહીં જાણતી હોય. જાણી પણ ક્યાંથી શકે. આખો દિવસ પંચાતમાંથી ઊંચા ન આવતા માણસને પોતાના મન અને સ્વભાવ બાબતે વિચારવાનો સમય જ ક્યાં મળે. ભૂત પાસે થેલી ભરીને સોનાના સિક્કા પણ હતા. પણ તેણે એ રસ્તામાં ફેંક્યા નહીં. તેને ખબર હતી કે નવલખો હાર હશે તો પણ પટલાણી તેના પર ધૂળવાળી દેશે. ઉપાડે તો ક્યાંથી તેની સામે પણ ન જૂએ. ગરીબ અને સ્ત્રીનું મન કોઇ મોટી વસ્તુ બગાડી શકતી નથી, ખૂબ સમજી વિચારીને તેણે એ ઝુમ્મર ત્યાં મુક્યું હતું.

દિવસ આથમ્યે પટેલ પાછો ફર્યો ત્યારે પટલાણી ઘરનું બધું કામ આટોપી ચૂકી હતી. ઝુમ્મર પણ કાનમાંથી કાઢી નાંખ્યું હતું. પટેલને જોઇને તેણે ખાટલો ઢાળ્યો. અને ભાગતી ભાગતી જઇ માટલામાંથી ઠંડા પાણીનો લોટો ભરી લાવી. પટેલે કહ્યું, 'આજે તું બહું થાકેલી લાગે છે. તારી તબિયત તો બરાબર છે ને.' કહેતા તેણે પટલાણીને કપાળે હાથ મુક્યો. તારું કપાળ તો ધગે છે. પહેલાં તુ પાણી પી, પછી હું પીઉં છું.' પટલાણી કંઇ બોલે તે પહેલાં તેણે તેના મોઢે લોટો ધરી દીધો... આ જોઇને ભૂતને મનમાં કંઇનું કંઇ થઇ ગયું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

પ્રેમ એટલે મેકઅપ વિનાની સુંદરતા

જ્યાં સ્વાર્થ હોય, કોઇ પ્રકારની શરત હોય ત્યાં પ્રેમ ટકી જ ન શકે, જ્યાં માગણી હોય ત્યાં લાગણી રહી ન શકે, કોઇ વ્યક્તિત્વને માત્ર નહીં, પરંતુ સમગ્ર અસ્તિત્વને ચાહવાનું નામ એટલે પ્રેમ

જાણીતી બ્રિટિશ એક્ટ્રેસ અને મોડલ એલિઝાબેથ હર્લી આમ તો લિઝ હર્લી (જન્મ તા.૧૦ જૂન, ૧૯૬૫) નામે વધુ જાણીતી છે. તેણે કહ્યું છે કે પ્રેમ કોઈ દિવ્ય ચમત્કારથી કમ નથી. આ સમગ્ર અનુભૂતિ જ ઈશ્વરની દેન છે. ગોડ ગિફ્ટેડ ફિલિંગ્સ.

પ્રેમ એટલે શું? પ્રેમ એટલે મેકઅપ વિનાની સુંદરતા. કોઈ વ્યક્તિ તરફથી મળતો બિનશરતીય પ્રેમ-સ્નેહ-સ્વીકાર. જયાં સ્વાર્થ હોય, કોઈ પ્રકારની શરત હોય ત્યાં પ્રેમ ટકી જ ન શકે. જયાં માગણી હોય ત્યાં લાગણી રહી ન શકે. કોઈ વ્યક્તિત્વને માત્ર નહી, પરંતુ સમગ્ર અસ્તિત્વને ચાહવાનું નામ એટલે પ્રેમ.

એક નેત્રહીન યુવતીની ખુબ જાણીતી અને હૃદયસ્પર્શી વાત છે. એક છોકરી જન્મજાત દૃષ્ટિવિહીન હતી. એને દુનિયા વિશે બધું સાંભળવા મળતું. દુનિયાના લોકો વિશે એ બધું સાંભળતી અને યુવાવસ્થામાં પ્રવેશી. તેનામાં પણ પ્રેમના અંકુર ફૂટ્યા. તેને પણ એવી ફિલિંગ્સ થતી કે કોઈક તેને ચાહે, તેને બિનશરતીય પ્રેમ મળે. પરંતુ દુનિયાની તાસીર પ્રમાણે નેત્રહીન યુવતીને કોણ પ્રેમ કરે?

એક દિવસ આ યુવતીના જીવનમાં જાણે સોનાનો સુરજ ગ્યો. તેને એ દિવસે એક પડોશી યુવકે પ્રેમનો એકરાર કર્યો. પડોશી યુવક તો વર્ષોથી એને જોતો આવ્યો હતો અને એને ચાહતો આવ્યો હતો. આખરે એ ઘડી આવી પહોંચી કે જયારે યુવકે પ્રેમનો એકરાર કર્યો. યુવતીએ પ્રેમના સ્વીકાર સાથે આભારની લાગણીથી કહ્યું કે તમે મને ખરા દિલથી ચાહો છો એ મારું સૌભાગ્ય પરંતુ હું કેવી કમનસીબ છું કે હું તમને, મારા પ્રેમને જોઈ પણ શકતી નથી.

ગુલમહોર
- દિનેશ દેસાઇ

યુવાને પોતાનો ફોટો તેના હાથમાં આપતા કહ્યું કે કશો વાંધો નહી. લે, આ મારો ફોટો. તને જયારે દૃષ્ટિ મળે ત્યારે તું મને જોઈ શકીશ, ત્યાં સુધી મારો આ ફોટો તું સાચવી રાખજે.

થોડા વખત પછી એ યુવતીને નેત્રદાન મળવાની તક ઉભી થઈ. તેને કહેવામાં આવ્યું કે તેને આંખોનું દાન મળી રહ્યું છે. આથી નાનકડા ઓપરેશન બાદ તે દુનિયાને જોઈ શકશે. આખરે તે યુવતીની આંખોનું ઓપરેશન કરવામાં આવ્યું. નેત્ર મૂકવામાં આવ્યા. હવે તે દુનિયા જોઈ શકવાની હતી. ઓપરેશન પછી તરત તે યુવતીએ સૌપ્રથમ પોતાના પ્રેમીનો ફોટો જોવાની ઈચ્છા પૂરી કરી.

તેણે પર્સમાંથી ફોટો કાઢીને જોયો તો તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. જે યુવક તેને ચાહતો હતો એ યુવક તો દેખાવે કદરુપો હતો. તેનો ફોટો જોતાં લાગ્યું કે તેનામાં કોઈ જ આકર્ષણ નથી. હવે તેણે હોસ્પિટલ સ્ટાફ પાસે દર્પણ મગાવીને પોતાનો ચહેરો જોયો. પોતે તો સંપૂર્ણ સુંદર સ્ત્રી હતી.

પોતાના ચહેરાને તેણે ફરી એક વાર દર્પણમાં જોયો કે પોતે તો કેટલી સુંદર છે અને હવે તો આંખો પણ આવી ગઈ છે, દૃષ્ટિ પણ મળી ગઈ છે. હવે તો પોતાનામાં કોઈ જ ખોડખાંપણ રહી જ નથી. એવામાં હોસ્પિટલના તબીબે યુવતીને કહ્યું કે તે જે યુવાનનો ફોટો ધારી ધારીને વારંવાર જોઈ રહી છે એ યુવકે જ પોતાની આંખોનું દાન કરીને તેને દૃષ્ટિ અપાવી છે.

હવે આ યુવતીએ પેલા યુવકને પત્ર લખ્યો કે તમે મને ભલે પ્રેમ કરતા હતા અને ભલે તમે મને તમારી આંખોનું દાન કર્યું. પરંતુ હવે હું જોઈ શકું છું અને તેથી જ તમારા જેવા કદરુપા યુવાનને હું પ્રેમ કરી શકું નહી. મને હવે ભુલી જજો. તમારા નેત્રદાન બદલ હું હૃદયપૂર્વક આભાર માનું છું.

યુવક તો હવે નેત્રહીન બની ગયો હતો, તેથી પોતે તો પત્ર વાંચી શકે એમ નહોતો. પરંતુ તેણે પોતાના મિત્ર પાસે પત્ર વંચાવ્યો અને પત્રનો જવાબ લખાવ્યો કે હું કદરુપો દેખાતો હોવાથી ભલે તું મને પ્રેમ ન કરે અને ભલે મારા પ્રેમનો અસ્વીકાર કરતી. પરંતુ મેં તો તું નેત્રહીન હતી તો પણ ચાહી છે અને ચાહતો રહીશ. બસ, તું મારી આંખોને સાચવજે. કેમ કે એ આંખો થકી અને તારા થકી હું દુનિયાને નિહાળતો રહીશ અને તારામાં સદાય, છેલ્લા શ્વાસ સુધી રહીશ.

જિંદગીમાં આવું જ બનતું રહે છે. તમે જેને ચાહો છો એને મેળવી શકતા નથી અને જેને મેળવી શક્યા હો એને ચાહી શકતા નથી, આનું નામ જ જિંદગી. પ્રેમ એટલે શું? આપણી ભીતર લાગતું ઈમોશનનું ઈન્જેક્શન એટલે પ્રેમ. પ્રેમ એટલે દિલના દરિયાની જાણે એક્સચેન્જ ઓફર અને એમાં પણ અનલિમિટેડ ટોક-ટાઈમ.

પ્રેમ એટલે ખુલ્લી આંખોએ સપનાં જોવાની મોસમ. પ્રેમ એટલે ભલે ને તરતા આવડતું હોય તેમ છતા પણ ડૂબવાનું મન થાય એવું રોમાન્ટિક સાહસ. પ્રેમ એટલે શબ્દ અને સ્પર્શ વચ્ચેનું સામીપ્ય. પ્રેમ એટલે નફરતનો રોગ મિટાવી દેવાની ઈશ્વર નામના ડોક્ટરે આપેલી દવા. પ્રેમ એટલે નરી એકલતાનું જાણે એન્કાઉન્ટર. પ્રેમ એટલે ગમતી વ્યક્તિને મળવાનો વાયદો અને મળવાની લ્હાયમાં વગર મેકઅપે પણ સુંદર દેખાવાની ગેરંટી.

પ્રેમ એટલે હૃદય નામની રાજધાની ઉપર મુલાયમ કબજો. પ્રેમ એટલે દરેક સવાલનો જવાબ જુદો જુદો આવે એવો નાજુક દાખલો. પ્રેમ એટલે સતત, સવાર-સાંજ ને રાત-દિવસ ગાવું, ગણગણવું ને સાં